રાજ્યમાં ચોમાસું લંબાવવાની સંભાવના

આગામી 20થી 23મી જૂન દરમિયાન રાજ્યમાં ફરી હવામાન સૂકું રહેવાની સંભાવના, ગરમી વધશે

અમદાવાદ: ગુજરાતમાં ચોમાસાના આગમન માટે રાહ જોવી પડશે. હાલમાં ચોમાસાની ઉત્તર મર્યાદા હાલમાં હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, ભદ્રાચલમ, કોરાપુટ, ફુલબાની, રાંચી, જામુઈ અને મુઝફ્ફરપુર સુધી વિસ્તરેલી છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢના વધુ વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ છે. બાદમાં ગુજરાતમાં ચોમાસું આવશે.

હવામાન વિભાગે 17 જૂને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે ઝાપટાં પડવાની શક્યતા વ્યક્ત કરી છે.18 અને 19 જૂને દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ ઉપરાંત દમણ તથા દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ 20 જૂનથી 23 જૂન દરમિયાન રાજ્યમાં ફરી એકવાર મોટાભાગના વિસ્તારોમાં સુકું હવામાન રહેવાની શક્યતા છે. પરિણામે આગામી સપ્તાહ દરમિયાન ગરમી અને ભેજના કારણે લોકોને અકળામણનો સામનો કરવો પડી શકે છે.ચોમાસાની રાહ જોતા ગુજરાતીઓ માટે હાલ વરસાદના માત્ર છૂટાછવાયા ઝાપટાંની જ શક્યતા છે, જ્યારે રાજ્યમાં વ્યાપક વરસાદ માટે હજુ થોડા દિવસો વધુ રાહ જોવી પડશે.

રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત, ભાવનગર 41 ડિગ્રી તાપમાન

બીજી તરફ ગુજરાતમાં હજુ પણ ઉનાળાની ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મંગળવારે રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઊંચું નોંધાયું હતું, જેમાં ભાવનગર 41 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમદાવાદ અને વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા લોકોને બપોરના સમયે ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. રાજ્યના અન્ય શહેરોમાં રાજકોટ, સુરેન્દ્રનગર, ડીસા અને ગાંધીનગરમાં 39 ડિગ્રી, વડોદરામાં 39 ડિગ્રી, અમરેલી અને કંડલા એરપોર્ટ પર 38 ડિગ્રી, કંડલા પોર્ટ પર 37 ડિગ્રી, ભૂજ, પોરબંદર, કેશોદ અને દમણમાં 36 ડિગ્રી તેમજ સુરત, નલિયા અને મહુવામાં 35 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

ભેળસેળખોરો સામે તવાઈ : રાજ્યમાં 2.12 લાખ કિલો-ખાદ્ય પદાર્થોની તપાસ

ગાંધીનગરઃ રાજ્યમાં ભેળસેળયુક્ત અને ગુણવત્તા વિહોણા ખાદ્ય પદાર્થો સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ હેઠળ ખાદ્ય અને ઔષધ નિયમન તંત્રે રાજ્યવ્યાપી વિશેષ ચેકિંગ અભિયાન હાથ ધરી 2.12 લાખ કિલો/ લિટરથી વધુ ઘી, ખાદ્ય તેલ, દૂધ અને પનીરના જથ્થા સામે કાર્યવાહી કરી છે. તપાસ દરમિયાન રૂ. 5.89 કરોડથી વધુ કિંમતના ખાદ્ય પદાર્થો નિયમોની ચકાસણી હેઠળ લેવામાં આવ્યા હતા. ખાદ્ય અને ઔષધ નિયમન તંત્રના જણાવ્યા મુજબ તપાસ હેઠળ આવેલા જથ્થામાં ઘીની અંદાજિત કિંમત રૂ. 2.38 કરોડ, ખાદ્ય તેલની રૂ. 3.34 કરોડ, પનીરની રૂ. 15.68 લાખ અને દૂધ-દૂધજન્ય પદાર્થોની રૂ. 47 હજારથી વધુ કિંમતનો સમાવેશ થાય છે. આમ કુલ રૂ. 5.89 કરોડથી વધુના ખાદ્ય પદાર્થો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર, સુરત, રાજકોટ, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, નવસારી, વલસાડ, દાહોદ, કચ્છ, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, પંચમહાલ અને વડોદરા સહિતના જિલ્લાઓમાં વિવિધ બ્રાન્ડ તેમજ ખુલ્લા વેચાણમાં રહેલા ખાદ્ય પદાર્થોના નમૂનાઓની તપાસ કરવામાં આવી હતી. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર નાગરિકોના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરશે નહીં. ભેળસેળયુક્ત અને ગુણવત્તા વિહોણા ખાદ્ય પદાર્થોના ઉત્પાદન અને વેચાણ સામે કડક કાર્યવાહી સતત ચાલુ રહેશે

રાજુલાના કોવાયા પાસે સિંહણે હોટલમાં કામ કરતાં પરપ્રાંતિય યુવાને ફાડી ખાધો

ઘટનાસ્થળેથી યુવકની ખોપરી અને પાંસળીના કેટલાંક અવશેષો જ મળ્યાં, સિંહણને પકડી લેવાઈ

ગાંધીનગરઃ રાજુલા તાલુકાના કોવાયા ગામ નજીક સિંહણના હુમલામાં એક પરપ્રાંતીય યુવકનું કરૂણ મોત થતાં સમગ્ર પંથકમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે. હોટલ-રેસ્ટોરન્ટમાં કામ કરતા ઉત્તરાખંડના રહેવાસી પ્રકાશ ચંદ્ર પર સિંહણે ઘાતકી હુમલો કરી તેનો શિકાર કર્યો હતો. ઘટનાસ્થળેથી યુવકની માત્ર ખોપરી અને પાંસળીના કેટલાક અવશેષો મળતાં ઘટનાની ગંભીરતા સામે આવી છે. માહિતી મુજબ, પ્રકાશ ચંદ્ર પોતાના વતન જવા માટે નીકળ્યો હતો ત્યારે કોવાયા ગામ નજીક સિંહણનો ભોગ બન્યો હતો. છેલ્લા એક અઠવાડિયામાં આ વિસ્તારમાં સિંહ દ્વારા માનવ પર હુમલાની બીજી ગંભીર ઘટના સામે આવી છે. ઘટનાની જાણ થતાં રાજુલા રેન્જના વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. ઘટના બાદ વન વિભાગે ઝડપી કાર્યવાહી કરીને હુમલો કરનાર સિંહણને ટ્રાન્કવિલાઈઝ કરી ગણતરીના કલાકોમાં પાંજરે પૂરી દીધી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને વિસ્તારમાં રહેલા અન્ય સિંહોના રેસ્ક્યૂ માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સિંહોની વધતી સંખ્યા સાથે માનવજીવનની સુરક્ષા પણ એટલી જ જરૂરી છેઃ ધારાસભ્ય હીરા સોલંકી

આ દરમિયાન રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ પણ ઘટનાને દુઃખદ ગણાવી વન વિભાગમાં સ્ટાફ અને ટ્રેકરોની સંખ્યા વધારવાની માંગણી રાજ્ય સરકાર સમક્ષ ઉઠાવવાની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે સિંહોની વધતી સંખ્યા ગૌરવની બાબત છે, પરંતુ માનવજીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવી એટલી જ જરૂરી છે. કોવાયાની આ ઘટના બાદ ગીર અને આસપાસના વિસ્તારોમાં વધતા માનવ-સિંહ સંઘર્ષના મુદ્દે ફરી એકવાર ચર્ચા તેજ બની છે અને સ્થાનિકો અસરકારક સુરક્ષા વ્યવસ્થાની માંગ ઉઠાવી રહ્યા છે.

હવે ડૉક્ટરની ચિટ્ઠી વગર નહીં મળે કફ સિરપ

કેન્દ્ર સરકાર દ્વારા ડ્રગ્સ રૂલ્સમાં સુધારો; શરદી-ઉધરસ માટે પણ પ્રિસ્ક્રિપ્શન ફરજિયાત

ગાંધીનગરઃ શરદી, ઉધરસ કે ગળાની તકલીફ થતાં જ મેડિકલ સ્ટોર પરથી પોતાની મરજી મુજબ કફ સિરપ ખરીદી લેવાની પ્રથા હવે બંધ થવા જઈ રહી છે. કેન્દ્ર સરકારના આરોગ્ય - સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મહત્વપૂર્ણ નિર્ણય લેતાં કફ સિરપ સહિત તમામ પ્રકારની સિરપના વેચાણ માટે ડૉક્ટરની પ્રિસ્ક્રિપ્શન ફરજિયાત બનાવ્યું છે. નવા નિયમો મુજબ હવે કોઈપણ મેડિકલ સ્ટોર ડૉક્ટરની ચિઠ્ઠી વિના કફ સિરપ વેચી શકશે નહીં. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ડ્રગ્સ રૂલ્સ-1945માં સુધારો કરીને 'શિડ્યુલ K'માંથી સિરપને બહાર કરી દીધી છે. પરિણામે હવે કફ સિરપ સહિતની તમામ સિરપ 'ઓવર ધ કાઉન્ટર' (OTC) દવા તરીકે ઉપલબ્ધ નહીં રહે. દર્દીએ પહેલાં ડૉક્ટરની સલાહ લેવી પડશે અને ત્યારબાદ જ પ્રિસ્ક્રિપ્શનના આધારે દવા મેળવી શકશે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય કફ સિરપને લઈને વિદેશોમાં પણ વિવાદો સર્જાયા હતા, જેના પગલે દવાઓના વેચાણ અને ઉપયોગ અંગે વધુ કડક દેખરેખ રાખવાની જરૂરિયાત ઉભી થઈ હતી.

તબીબી નિષ્ણાતોના જણાવ્યા મુજબ કફ સિરપ સામાન્ય દવા લાગતી હોવા છતાં તેનો બિનજરૂરી અથવા વધુ પડતો ઉપયોગ શરીર માટે નુકસાનકારક બની શકે છે.

અયોધ્યાના રામ મંદિરના ભંડારમાંથી ૨૦૦ કરોડ રૂપિયા લૂંટવામાં આવ્યા હતા?

ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

મુસ્લિમો બાદશાહો પર આક્ષેપ હતો કે તેમણે અયોધ્યામાં રામ મંદિરને લૂંટીને તેનો ધ્વંસ કર્યો હતો. હવે રામના કથિત ભક્તો પર આક્ષેપ છે કે તેમણે રામ મંદિરનો ધ્વંસ કર્યા વિના તેની કરોડો રૂપિયાની સંપત્તિ પર લૂંટ ચલાવી છે. અયોધ્યાના રામ મંદિરમાં દાનપેટીઓમાંથી રોકડની ચોરીએ બધાને ચોંકાવી દીધા છે. પ્રારંભિક અંદાજ મુજબ આ ચોરી ૨૦૦ કરોડ રૂપિયાથી વધુની હોઈ શકે છે. નોટોની ગણતરીમાં સામેલ લગભગ ૫૦ કર્મચારીઓ શંકાના દાયરામાં છે. અત્યાર સુધીમાં ૨ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા છે. ઘણા કર્મચારીઓનો પગાર ૧૪-૧૫ હજાર રૂપિયા હતો. તેમણે થોડા મહિનામાં જ ૪૦ લાખ રૂપિયાથી ૧.૫ કરોડ રૂપિયાના પ્લોટ ખરીદી લીધા છે. તપાસ દરમિયાન મંદિરમાં ભંડારની રકમ ગણતા કર્મચારી લવકુશ મિશ્રાના ઘરેથી આશરે ૧૦ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. કેટલાક પૈસા ઘરમાં એક કબાટમાં રાખવામાં આવ્યા હતા, જ્યારે કેટલાક ગાયના છાણના ઢગલા નીચે છુપાવવામાં આવ્યા હતા. આ કેસના સંદર્ભમાં માહિતી બહાર આવી છે કે શંકાના આધારે બીજા કર્મચારીની પણ અટકાયત કરવામાં આવી છે અને પૂછપરછ કરવામાં આવી છે. આ બંને કર્મચારીઓ મંદિરમાં ભંડારની ગણતરી સંબંધિત કાર્યો માટે જવાબદાર હતા. રામ મંદિરમાં ચોરીના પ્રકરણની તપાસ શરૂ થઈ ગઈ છે.

ઉત્તર પ્રદેશ સરકારે રામ મંદિર ટ્રસ્ટના દાન અને નાણાંકીય વ્યવસ્થાપન સંબંધિત આરોપોની તપાસ માટે ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (SIT) ની રચના કરી છે. SITના ત્રણ સભ્યો સોમવારે રામ જન્મભૂમિ સંકુલ પહોંચ્યા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટ શશાંક ત્રિપાઠી અને SSP ડૉ. ગૌરવ ગ્રોવર પણ ત્રણ SIT સભ્યો સાથે પહોંચ્યા હતા. આ દરમિયાન દાન પેટીઓની ગણતરી સંબંધિત દરેક મુદ્દા પર ટ્રસ્ટના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી.

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં આપવામાં આવેલા દાન અને પ્રસાદના દુરુપયોગનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં કોર્ટની દેખરેખ હેઠળ FIR નોંધી તપાસની માંગણી પણ કરવામાં આવી છે.

સૂત્રો જણાવે છે કે ટ્રસ્ટના અધિકારીનો ડ્રાઇવર રામશંકર યાદવ (ટીન્નુ) થોડા જ સમયમાં એટલો પ્રભાવશાળી બની ગયો કે તેણે માત્ર રામ મંદિરના સંચાલન જ નહીં પરંતુ સંકુલની અંદરના અન્ય કાર્યક્રમો અને કાર્યોની પણ દેખરેખ રાખવાનું શરૂ કર્યું હતું. આ દખલગીરીથી અધિકારીના સમર્થકોના એક જૂથમાં રોષ ફેલાયો હતો. VHP સાથે લાંબા સમયથી જોડાયેલા હોવા છતાં ટ્રસ્ટના કેટલાક સભ્યો મંદિરના સંચાલનમાં ડ્રાઇવર ટીન્નુ જેટલો પ્રભાવ પાડી શક્યા નહીં. દરમિયાન, આ જૂથના નેતાને ગણતરી પ્રક્રિયા દરમિયાન પ્રસાદની ચોરીની જાણ થઈ હતી.

આ ચોરી ઘણા સમયથી ચાલી રહી હોવાનું જાણવા મળ્યું હતું. ટ્રસ્ટના અધિકારીને આ બાબતની જાણ કરીને તેમને રંગે હાથે પકડવાનો નિર્ણય લેવામાં આવ્યો. ૫ જૂનના રોજ બપોરે ટ્રસ્ટના અધિકારીઓ અચાનક રામ જન્મભૂમિના પેસેન્જર ફેસિલિટેશન સેન્ટર પર આવી પહોંચ્યા હતા. તેમણે તાત્કાલિક સુરક્ષાને બોલાવી હતી અને ગણતરી કાર્યકરની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી કેટલાક પૈસા મળી આવ્યા હતા. તેમને PFC રૂમમાં લઈ જવામાં આવ્યા હતા અને તેમની સંપૂર્ણ પૂછપરછ કરવામાં આવી હતી, જેના કારણે અન્ય લોકોનાં નામ બહાર આવ્યાં હતાં.

આ પછી ગણતરીના કામમાં સામેલ અનુકલ્પ મિશ્રા, લવકુશ, અવિનાશ શુક્લા અને રાજેશ પાઠકને રોકવામાં આવ્યા હતા. બાથરૂમમાંથી મોટી રકમ પણ મળી આવી હતી. આ જોઈને ટ્રસ્ટના અધિકારીઓ ગુસ્સે થઈ ગયા અને બધા સામે FIR નોંધાવવાની ધમકી આપીને ત્યાંથી ચાલ્યા ગયા. તેમને સમજાવવાના પ્રયાસો શરૂ થયા, પરંતુ તે દરમિયાન એક ફોન આવ્યો અને દબાણમાં તેઓ પાછા હટી ગયા હતા. કર્મચારીઓની પૂછપરછ કરવા અને પૈસા વસૂલવાની રણનીતિ બનાવવામાં આવી હતી. મામલો બહાર ન આવે તે માટે કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવી ન હતી. આખી પ્રક્રિયા આ રણનીતિ અનુસાર ચાલુ રહી હતી, પરંતુ તે જ જૂથે કેમ્પસની બહારના લોકો સાથે બધી માહિતી શેર કરી હતી. જ્યારે આ મામલો સપાના વડા અખિલેશ યાદવ સુધી પહોંચ્યો ત્યારે તેમણે તેને ટ્વિટર પર પોસ્ટ કરી ત્યારથી ચોરીનો મામલો સમાચારમાં છે.

શ્રી રામ મંદિર ટ્રસ્ટના વરિષ્ઠ અધિકારીઓ પણ દાનના કથિત ગેરરીતિ અને ઉચાપતના મામલામાં તપાસના દાયરામાં છે. કેટલાક પર સીધા આરોપો લગાવવામાં આવ્યા છે, જ્યારે અન્ય પર બેદરકારીનો આરોપ થયો છે. આ બધું તેમના નાક નીચે થયું હતું, છતાં તેઓ અજાણ રહ્યા. હવે, પ્રશ્નો ઉભા થાય છે કે જ્યારે આ અધિકારીઓ સત્તામાં હોય ત્યારે નિષ્પક્ષ તપાસ કેવી રીતે શક્ય બનશે. ટ્રસ્ટના અધિકારીઓ શક્તિશાળી અને ઉચ્ચ સંબંધો ધરાવતા હોવાનું કહેવાય છે. મંદિરની વ્યવસ્થા અને ભંડારની ગણતરી માટે ચંપત રાય, અનિલ મિશ્રા અને ગોપાલ રાવ સહિત અનેક અધિકારીઓ જવાબદાર ગણાય છે. આમ છતાં, પ્રસાદની ચોરી ઘણા બધા પ્રશ્નો ઉભા કરે છે. આ ઘટના પ્રકાશમાં આવી ત્યારથી લગભગ બધા જવાબદાર અધિકારીઓ મૌન છે.

રામ મંદિરની દાનપેટી અને જમીન ખરીદીમાં મોટા કૌભાંડો થયા છે. આપના સાંસદ સંજય સિંહે જણાવ્યું હતું કે ૨.૯૨ કરોડ રૂપિયાની નઝુલ જમીન ૨૪ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવી હતી. આ જમીન મહંત મુરલીધર દાસે વેચી હતી. આવા અનેક જમીનના શંકાસ્પદ સોદા થયા હતા. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય ખરીદનાર હતા. સંજય સિંહે સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરી ગુનેગારોની ધરપકડ કરવાની માંગણી કરી હતી.

ઉચાપતની રકમનો અંદાજ લગાવવો સરળ નથી. આનાં ઘણાં કારણો છે. મંદિરના દાનનો હિસાબ દરરોજ કરવામાં આવતો હતો. દૈનિક દાન નાનીથી લઈને મોટી રકમ સુધીનું હતું, જેમાં સોના અને ચાંદીનો પણ સમાવેશ થતો હતો. તહેવારો અને સપ્તાહના અંતે સામાન્ય દિવસોની તુલનામાં રકમમાં નોંધપાત્ર વધારો થતો હતો. ગણતરી પહેલાં બધી દાન પેટીઓ ખોલવામાં આવતી હતી. આખી રકમ એક જગ્યાએ એકત્રિત કરવામાં આવતી હતી. ત્યાં સુધી, દરેક દાન પેટીમાં કેટલા પૈસા હતા તે સ્પષ્ટ નહોતું. આ હેતુ માટે ગણતરી હાથ ધરવામાં આવતી હતી, પરંતુ આ સમય દરમિયાન પૈસાની ઉચાપત થઈ રહી હતી. આ રકમની ગણતરી ફક્ત દાનની ગણતરી કરવા માટે કરવામાં આવતી હતી. તે સમય દરમિયાન તેમાંથી પૈસા તફડાવી લેવામાં આવતા હતા. અંતે, સરવાળા અને બાદબાકી કર્યા પછી, વિગતો રેકોર્ડ કરવામાં આવી હતી. જે પણ વિગતો રેકોર્ડ કરવામાં આવી હતી, તે જ સત્તાવાર ખાતું બની ગયું હતું.

ગયા વર્ષે મહા કુંભ દરમિયાન લગભગ ૬૭ કરોડ ભક્તો પ્રયાગરાજ પહોંચ્યા હતા. તેમાંથી કરોડો લોકો દર્શન માટે અયોધ્યા પણ આવ્યા હતા. સૂત્રો જણાવે છે કે તે સમય દરમિયાન ભંડારની આવકમાં ભારે વધારો થયો હતો. આનો ફાયદો ઉઠાવીને પ્રસાદ ચોરોએ એક જ દિવસમાં ૧૦ થી ૧૫ લાખ રૂપિયા તફડાવી લીધા હતા, એટલું જ નહીં, માઘના મેળા દરમિયાન પણ આવી જ રમત રમાઈ ગઈ હતી. તે સમયે પણ ભક્તોની સંખ્યામાં વધારો થયો હતો. તે સમય દરમિયાન પણ ભંડારની ગણતરી દરમિયાન દરરોજ મોટી રકમ તફડાવી લેવામાં આવતી હતી.

ભંડારની ઉચાપતની રકમના સંદર્ભમાં પાંચ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી હતી . તેમની માહિતીના આધારે આશરે ૩ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. એવી શંકા છે કે વધુ ઉચાપત થઈ હશે. થોડા દિવસો પહેલાં ઉચાપતની રકમ ૮ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ હતો. હવે સેંકડો કરોડ રૂપિયાની વાત થઈ રહી છે. સોશિયલ મીડિયા પર એવી માહિતી મળી રહી છે કે ઉચાપતની રકમ બસો કરોડ રૂપિયા જેટલી ઊંચી છે. જોકે, આ આંકડાઓ અંગે કોઈ સત્તાવાર નિવેદન સરકાર તરફથી બહાર આવ્યું નથી. SITની તપાસ પૂર્ણ થયા પછી જ પરિસ્થિતિ સ્પષ્ટ થશે. જોકે, SIT માટે ટ્રસ્ટના અધિકારીઓની પૂછપરછ કરવી સરળ રહેશે નહીં. જે લોકો પર ચોરીના આરોપ છે તેઓ ચોક્કસ અધિકારીઓ અથવા તેમની નજીકના લોકો સાથે જોડાયેલા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઉત્તર પ્રદેશ સરકારે રામ મંદિર ટ્રસ્ટના દાન અને નાણાંકીય વ્યવસ્થાપન સંબંધિત આરોપોની તપાસ માટે ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (SIT) ની રચના કરી છે

BUSINESS મિત્ર

નિફ્ટી વીકલી એક્સપાયરીમાં શોર્ટ કવરીંગે આઇટી, એફએમસીજી અને રિયલ્ટી શેરો વધ્યા

શેરબજારમાં સતત બીજા દિવસે તેજીઃ નિફ્ટી 24000 પોઇન્ટની નજીક

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 16: ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ વિરામ કરાર થયા પછી ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો આજે પણ આગળ વધ્યો હતો. જેના લીધે સતત બીજા દિવસે ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી હતી. રૂપિયાની હલનચલનના કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં વધારો થયો છે. બીજી તરફ, એફઆઈઆઈની ગઈકાલે પોઝિટિવ વલણ જોવાયું હતું. જે આગળ વધે તેવો આશાવાદ જોવાઈ રહ્યો છે. જેથી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં વધારો થયો છે.

બજારના સહભાગીઓ વધુ દિશાત્મક સંકેતો માટે ચોમાસાની પ્રગતિ, એફઆઈઆઈ પ્રવૃત્તિ અને ફુગાવાના વલણો પર નજર રાખશે. નિફ્ટી અંતમાં કારોબારમા 24000ના આંકડાને સ્પર્શ્યો હતો, પંરતુ બંધ પહેલા નજીવી નફાવસુલી રહી હતી.

બીએસઈ સેન્સેક્સ 544.15 પોઈન્ટ એટલે કે 0.71 ટકા વધીને 76808.48 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76846 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76443 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 135.25 પોઈન્ટ એટલે કે 0.57 ટકા વધીને 23989.15 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24002 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23888 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 98.35 પોઈન્ટ એટલે કે 0.17 ટકા સુધરીને 57297.15 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ટોરેન્ટ પાવરમાં 1.7 ગણા, જનરલ ઈન્સ્યોરેન્સમાં 9.9 ગણા, ચોલામાંડલમ ફાઈ.માં 9.47 ગણા, ગુજરાત ફલુરોકેમમાં 5.57 ગણા અને એબી રિયલ એસ્ટેટમાં 4.85 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે સોનાટા સોફ્ટવેરમાં 35.35 ગણા, ડો. લાલ પેથલેબમાં 34.66 ગણા, ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સમાં 31.74 ગણા, જનરલ ઈન્સ્યોરેન્સમાં 24.7 ગણા અને કલ્પતરૂ પ્રોજેક્ટસમાં 11.98 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.33 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.48 ટકા વધ્યો હતો, જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયા હતા. બીએસઈ ખાતે 2382 શેરો ઉછળ્યા હતા, જ્યારે 1867 શેરો ઘટ્યા હતા અને 180 શેરો યથાવત રહ્યા હતા.

રિયલ્ટી શેરોમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 2.26 ટકા વધ્યા હતા. જે છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં 10.06 ટકા વધ્યો છે. જેમાં એબી રિયલ એસ્ટેટ, બ્રિગ્રેડ એન્ટર, પ્રેસ્ટીજ એસ્ટેટ, ડીએલએફ, ઓબેરોય રિયલ્ટી, લોઢા ડેવલપર્સ, શોભા, ગોદરેજ પ્રોપર્ટીઝ, ફોનિક્સ મીલ્સ અને અનંતરાજ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર 46 પોઈન્ટ સુધર્યા હતા, જેથી આજે સપાટ પણ પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. યુરોપિયન બજારો અને એશિયન બજારો ઉંચા જોવાયા હતા. રોકાણકારોએ ચાલુ સંઘર્ષને સમાપ્ત કરવા માટે યુએસ અને ઈરાન વચ્ચેના સંભવિત ડીલની વિગતોનું મુલ્યાંકન કરવાનું ચાલુ રાખ્યું હતું. આ ઉપરાંત, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે યુએસ અને ઈરાન મીડલ ઈસ્ટના યુદ્ધનો અંત લાવવા માટે એક કરાર પર પહોંચ્યા છે. આ દરમ્યાન જાપાનની સેન્ટ્રલ બેન્કે વ્યાજદર વધારીને એક ટકા કર્યા છે, જે 31 વર્ષની ઉંચી સપાટીને દર્શાવે છે. ડિસેમ્બર પછી બીઓજેનો આ પહેલો વધારો છે. જેને રોકાણકારો વધાવી દીધો હતો. ચીનનો બેરોજગારી દર એપ્રિલ 5.2 ટકાની તુલનામાં મે મહિનામાં ઘટીને 5.1 ટકા થયો હતો.

યુરોપિયન બજારોમાં 0.55 ટકા, કેક 0.71 ટકા અને ડેક્સ 0.56 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.06 ટકા, સ્ટ્રેઈટસ 0.77 ટકા, તાઈવાન 0.90 ટકા, કોસ્પી 2.07 સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.11 ટકા અને હેંગસેંગ 1.57 ટકા ઘટયા હતા.

રૂપિયામાં સુધારો આગળ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 16: ઇરાન અને અમેરિકા વચ્ચેની યુદ્ધ વિરામની ડીલ થવાની છે, ત્યારે ક્રુડ ઓઇલના ભાવમાં સતત ઘટાડો આગળ વધતા ડોલરમાં નરમાઇ જોવા મળી હતી અને રૂપિયો વધુ મજબૂત જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 16 પૈસા સુધરીને 94.56ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.72ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.95, પાઉન્ડ 127.78, કેનેડિયન ડોલર 67.54, ઓસ્ટ્રેલિયન ડોલર 67.13, જાપાનીઝ યેન 0.5899 અને સીંગાપોર ડોલર 73.87ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.56 રૂ.
યુરો	109.95 રૂ.
પાઉન્ડ	127.78 રૂ.
યેન	0.5899 રૂ.

સેન્સેક્સ	544.15	76808.48
નિફ્ટી	135.25	23989.15
બેન્ક નિફ્ટી	98.35	57297.15

નિફ્ટી — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	3.55	1159.00
ટાટા કન્ઝ્યુમર	2.77	1130.90
એનટીપીસી	2.14	355.55
બજાજ ફિનસર્વ	2.12	1787.30
એચયુએલ	2.03	2199.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્ડાલ્કો	3.11	982.40
જેએસડબલ્યુ સ્ટીલ	1.71	1274.30
એચડીએફસી લાઇફ	1.17	574.40
અપોલો હોસ્પિટલ	0.92	8390.50
આઇશર મોટર	0.84	7560.50

સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	3.59	1159.35
બજાજ ફિનસર્વ	2.13	1787.00
એચયુએલ	2.10	2201.15
એનટીપીસી	2.10	355.45
ટીસીએસ	1.72	2198.85

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	0.86	4835.70
અલ્ટ્રાટેક સિમેન્ટ	0.82	11380.00
મારૂતિ સુઝુકી	0.81	13692.85
ટાટા સ્ટીલ	0.71	196.00
બીઇએલ	0.51	407.35

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫	૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૫૦૦
એમ-30	૪૪૫૦
એસ-30	૪૪૦૦
ગુજરાત	
એમ-30	૪૩૫૦
એસ-30	૪૩૦૦

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૪૮૮૦
તેજાબી સોનું	૧૫૪૭૯૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૭૧૪૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૧૭૮૦
સોનાનાં બિસ્કીટ	૧૫૪૮૮૦૦
ચાંદી (૯૯૯)	૨૫૪૩૦૦
ચાંદી સિક્કા	૨૫૫૮૦૦

યુએસ-ઈરાન ડીલ : શેર, સોનુ કે બોન્ડ ક્યાંથી કમાણી થશે?

નિષ્ણાતોનું માનવું છે કે હવે આગામી મોટો રાઉન્ડ રિટર્નનો શેરબજારમાંથી જોવા મળી શકે

મુંબઈ, તા. 16: અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શાંતિ સમજૂતિના કારણે ક્રુડ ઓઈલના ભાવ 80 ડોલર પ્રતિ બેરલ થઇ ગઇ છે. આ બજારના વાતાવરણમાં ફેરફાર કરે તેવું લાગે છે.જેમાં નિષ્ણાતોનું માનવું છે કે હવે આગામી મોટો રાઉન્ડ રિટર્ન શેરબજારમાંથી આવી શકે છે.

મીડલ ઈસ્ટમાં તણાવ દરમ્યાન શેરબજાર દબાણ હેઠળ હતું, પરંતુ હવે હોર્મુઝની ખાડી ફરીથી ખુલવાની સાથે ક્રુડ પુરવઠાનું મોટું જોખમ ઘટી ગયું છે, તેનાથી ભારતીય કંપનીઓનો ખર્ચ ઘટી શકે છે, તેની સાથે એફઆઈઆઈના વળતરની અપેક્ષા પણ વધી છે.

નિષ્ણાતોના મતે પશ્ચિમ એશિયાની કટોકટીની અસર ભારતીય શેરબજાર પર સૌથી વધુ પડી છે. કારણ કે ભારત ગલ્ફ દેશો પાસેથી ક્રુડ ખરીદીને તેની જરૂરિયાતોનો મોટો હિસ્સો પુરી કરે છે. ક્રુડ ઓઈલના ભાવ ઘટવાથી ભારતીય શેરોને બુસ્ટ મળશે. બીજી તરફ, બોન્ડ, ગોલ્ડ અને અન્ય કોમોડીટીઝ હાલમાં ખાસ મજબૂતી બતાવી રહ્યા નથી. અન્ય નિષ્ણાતનું કહેવું છે કે, જ્યારે ભૌગોલિક રાજકીય તણાવ ઓછો થાય છે, ત્યારે રોકાણકારોનું ધ્યાન કંપનીઓની કમાણી, અર્થતંત્રની સ્થિતિ અને નવા રોકાણો પર વળે છે. આવા વાતાવરણમાં શેરબજાર સારૂં પ્રદર્શન કરી શકે છે. જ્યારે શેરબજારમાં ઓએમસી કંપનીઓના શેરોમાં ઝડપી ઉછાળો જોવા મળી શકે છે કેમકે ક્રુડ ઓઈલ સસ્તુ થવાથી નફાનો માર્જિન વધી શકે છે. જ્યારે એવીએશન, ટ્રાન્સપોર્ટસ, લોજિસ્ટીક્સ, ટાયર અને પેઈન્ટસ કંપનીઓને શેરોને લાભ મળી શકે છે.

નિષ્ણાતોનું કહેવું છે કે, રોકાણકારોએ પોતાના પોર્ટફોલિયોમાં લાર્જકેપમાં 50થી 55 ટકા, મિડકેપ 20થી 22 ટકા અને બાકીનો હિસ્સો સ્મોલકેપ શેરોમાં રાખી શકાય છે. જોકે, હાલમાં મિડકેપ અને સ્મોલકેપ શેરો જોર બતાવી રહ્યા છે, ત્યારે સારી કમાણી અને ગુણવત્તા ધરાવતી મિડકેપ-સ્મોલકેપ શેરોમાં પણ ધ્યાન રાખી શકાય છે. આ સ્થિતિમાં એફઆઈઆઈ પરત ફરી શકે છે, તે વધુ શેરબજારને જોશ આપશે.

લાંબા ગાળાના રોકાણકારો માટે ઈક્વિટી ટુ ડેટ રેશિયો 80:20 સૂચવે છે. તેમનું કહેવું છે કે કોઈ પણ એક ભૌગોલિક રાજકીય ઘટનાને ધ્યાનમાં રાખીને રોકાણની વ્યૂહરચનામાં ઉતાવળમાં ફેરફાર કરવો જોઈએ નહીં.

જાપાનના નિક્કીએ પ્રથમ વખત 70000 પોઈન્ટના સ્તરને પાર કર્યુ

23 એપ્રિલે 60000ને પાર કર્યા બાદ બે મહિનાથી ઓછા સમયમાં 10000 પોઇન્ટ ઉછળ્યું

મુંબઈ, તા. 16: જાપાનનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિક્કી 225 ઈન્ડેક્સ આજે પ્રથમ વખત 70000 પોઈન્ટના સ્તરને પાર કર્યો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી કરાર, એઆઈ સાથે જોડાયેલા શેરમાં વધારો અને જાપાનની અર્થવ્યવસ્થામાં રોકાણકારોના વધતા વિશ્વાસને આધારે નિક્કી 225એ આ સિદ્ધિ હાંસલ કરી છે. અગાઉ 23 એપ્રિલ, 2026માં પહેલીવાર નિક્કી 225 ઈન્ડેક્સ 60000ના સ્તરને પાર કરી ગયું હતું અને હવે બે મહિનાથી ઓછા સમયમાં 10000 પોઈન્ટને પાર કરી ગયું છે. આજે ઈન્ટ્રાડેમાં તે 70020.68 પોઈન્ટની વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો. ખાસ વાત એ છે કે ભારત સિવાય પહેલીવાર એશિયાના કોઈ પણ મોટા બજારનો ઈક્વિટી બેન્ચમાર્ક ઈન્ડેક્સ 70000ના સ્તરને પાર કરી ગયો છે. ભારતીય બજારમાં સેન્સેક્સની વાત કરીએ તો, તે 1 ડિસેમ્બર, 2025ના રોજ 86,159.02 ની રેકોર્ડ ઊંચી સપાટીએ હતો, અને તે હજી પણ 76600 ની ઉપર છે. બેંક ઓફ જાપાન વ્યાજદરો નક્કી કરવાની હતી, ત્યારે બજારની પણ નજર તેના પર હતી. બેંક ઓફ જાપાને તેના વ્યાજદરમાં 25 બીપીએસનો વધારો કરીને 0.75 ટકાથી વધારીને 1 ટકા કર્યો છે. આ સાથે જાપાનનો પોલિસી રેટ લગભગ ત્રીસ વર્ષની વિક્રમી ઊંચી સપાટીએ પહોંચી ગયો છે. જોકે, વ્યાજદરમાં વધારો હોવા છતાં, રોકાણકારોએ તેને કોર્પોરેટ નફા માટે ખતરો આપવાને બદલે જાપાનની આર્થિક પુનઃ રીકવરી પ્રાપ્તિ પ્રક્રિયાની મજબૂતીના સંકેત તરીકે જોયો હતો.